**<u>મહેરબાન સાણંદના બીજા એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સાણંદ</u>**

ફોજદારી કેસ નં.૩૭૯૩/૨૦૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી **:–રાજુભાઈ કાળુજી ઠાકોર**

---

**ગુનો :– ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ–૬૫(એ)(એ) મુજબ...**

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની હકિકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ ધ્વારા આરોપી સામે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે, બાદ તહોમતનામું ઘડી વાંચી સંભળાવી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ ગુનો કબુલ કરેલાનું જણાવે છે. વધુમાં આરોપી ધ્વારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ, છુટક મજુરી કામ કરીએ છીએ અને આવી મજુરી પણ કાયમી મળતી નથી. વધુમાં મૌખિક રજુઆત કરેલ છે કે, અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી, જેથી ઉપરોકત તમામ હકિકતો ધ્યાને લઈ અમારો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછી સજા અને દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકિકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ ધ્યાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય, તેઓની સામેનો આ પ્રથમ ગુન્હો હોય ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થિતિઓને ધ્યાનેલેતા તેમજ આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર,જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકિત હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત ઠરેલ સિધ્ધાંત ધ્યાને લઈ કાયદા દવારા નકકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી **રૂા. ૨૦૦/– (બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી. મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪મી , માહે માર્ચ, સને – ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૧૪/૦૩/૨૦૨૬
સાણંદ

(એ. પી. દવે)
બીજા એડી.જ્યુડી. મેજી. ફ. ક.
સાણંદ